ખેડા જિલ્લાના કપડવંજ નજીક આવેલા ઉત્કંઠેશ્વરમાં કોંગ્રેસનો લોકદરબાર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, જાહેર જીવનના વ્યક્તિએ કોઈપણ વાત જ્યારે જાહેરમાં મુકવાની હોય ત્યારે તેને સાચી મુકવી જોઈએ, ખોટી મુકવી જોઈએ નહી. વડાપ્રધાનની ડિગ્રી મામલે વાત કરતાં તેઓએ એમ પણ જણાવ્યું હતું કે, દિલ્હીના સીએમ પણ આ મુદ્દે પાછળ પડ્યા છે ત્યારે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જ જશે. બસ યોગ્ય સમયની જ રાહ જોવાની છે. આ લોકદરબારમાં કોંગ્રેસની વેબસાઈટનું પણ લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને શક્તિસિંહ ગોહિલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તલોદની નાગરિક બેંકમાં લાઈટબીલ ભરવાની સુવિધા બંધ થતા ગ્રાહકો ભારે પરેશાન

તલોદ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ બજારની મધ્યમાં આવેલી નાગરિક બેન્કમાં લાઈટબીલ ભરવાની સુવિધા છિનવાઈ જતાં ગ્રાહકો ભારે આપદાનો ભોગ બન્યા છે. છેલ્લા ઘણા સમયથી આ બેન્કમાં લાઈટબીલના નાણાં ભરવાની સુવિધા તંત્રની અણઆવડતને કારણે ખોરવાઈ જઈને બંધ પડી છે. જે તે તંત્ર બંધ થઈ ગયેલી આ સુવિધાને પુનઃ ચાલુ કરવા આજ દિન સુધી પરિણામલક્ષી ફરજ બજાવી શક્યું નથી જે દુઃખદ બાબત છે.

તલોદ બજારની મધ્યમાં આવેલી નાગરિક બેન્કમાં યુજીવીસીએલના લાઈટબીલ ભરવાની સુવિધા શરૂ કરવામાં આવી હતી. જે રાબેતા મુજબ ચાલતી હતી. ગ્રાહકના લાઈટબીલ ભરવાની સુવિધા સામે બેન્કને બીલ દિઠ રૂ. ૫ જેવું કમિશન, મહેનતાણુ પણ મળતુ હતુ. અને ગ્રાહકોને ખૂબજ સરળતા હતી. સમયાંતરે કોઈક અગમ્ય કારણોસર લાઈટબીલ ભરવાની આ સુવિધા બેન્કમાં બંધ કરી દેવામાં આવી છે. બીજી તરફ તલોદ બજારની બંને પોસ્ટ કચેરીઓ ગામના છેડે ખસેડી દેવામાં આવી છે. જે પોસ્ટ કચેરીના ધક્કા ખાઈને લાઈટબીલ ભરવા જવાની ગ્રાહોને ફરજ પડે છે. જેથી ગ્રાહકોની હાલત દયનીય બની છે.

જેથી ગ્રાહકોના સમય, શક્તિ અને નાણાંનો નાહકનો વ્યય થાય છે. ગ્રાહકની સુવિધા પ્રતિ વિજ બોર્ડનું તંત્ર પણ ઉદાસીનતા સેવતુ હોવાનું જણાઈ રહ્યું છે.

બંને સંસ્થાઓની વાટાઘાટોનું પરિણામ એપ્રિલ માસના અંત સુધી પણ સારૂ આવ્યુ ન હતુ. ટુંક સમયમાં લાઈટબીલ લેવાનું ચાલુ થઈ જશે... તેવી કેસેટ ત્રણેક માસથી ગ્રાહકો સાંભળી રહ્યાં છે અને નિરાશા વ્યક્ત કરી રહ્યા છે.

માટે તલોદ નાગરિક સહકારી બેન્કમાં તાકીદે પુનઃ લાઈટબીલ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી લોક માગણી પ્રબળ બની છે. જેમાં બેન્કને અંશતઃ આવક મળશે અને ગ્રાહકને બજારની મધ્યમાં જરૂરી સુવિધા મળશે.

એપ્રિલ ૨૦૧૬ના એન્ડ સુધી પ્રજાની આ સમસ્યાને સુખદ એન્ડ આવેલ નથી જે ચર્ચાનું માધ્યમ બની રહ્યું છે.

પાલનપુરમાં અબોલ પશુ-પંખી માટે જીવસેવા સંસ્થા દ્વારા પાણીના કુંડાનું વિતરણ

ઉનાળાની ધોમધખતી ગરમીમાં અબોલ પંખીઓ પાણી માટે વલખા મારતા હોય છે. આ અબોલ પંખીઓ પાણીની તરસના કારણે ઘણીવાર મોતને પણ ભેટતા હોય છે. ત્યારે આવા પંખીઓની વ્હારે આવતી અને અબોલ પશુ પંખીઓ માટે કાર્ય કરતી પાલનપુરની જીવસેવા સંસ્થાન દ્વારા આજરોજ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પાલનપુરના દિલ્હીગેટ ખાતે આજરોજ પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલના હસ્તે આ કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. છેલ્લા નવ વર્ષથી અબોલ પશુપક્ષીઓ માટે કાર્ય કરતી જીવસેવા સંસ્થાના પ્રમુખ પ્રજેશભાઈ પઢિયારના આ કાર્યને નગરજનોએ વખાણ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ પટેલ, ભવાની ખાણે સહિત અન્ય સદસ્યોએ હાજર રહી ૨૦૦૦ જેટલા કુંડાઓનું વિતરણ કર્યું હતું.

પાલનપુરમાં પરશુરામ મહોત્સવ અને શાંતિયજ્ઞ યોજાયો

ભગવાન પરશુરામની જન્મ જયંતિ નિમિત્તે પાલનપુરમાં પરશુરામ જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના પરશુરામ ભવન ખાતે પૂજા - અર્ચના અને મહાઆરતી કરવામાં આવી હતી. જ્યારે પાતાળેશ્વર મહાદેવ પરિસરમાં વિશ્વ કલ્યાણ અર્થે શાંતિયજ્ઞ કરવામાં આવ્યો હતો.

પ્રાંતિજમાં વીજ પુરવઠો ખોરવાતા રહિશો ગરમીમાં સેકાયા

મોડી રાતના બે વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ થતાં લોકો ઘરની બહાર નીકળી જાગરણ કર્યું

સલાલ, તા. ૯

પ્રાંતિજ શહેરમાં કોઈપણ કારણોસર શનિવારે મધ્યરાત્રીએ વીજ પુરવઠો બંધ થતા કાળઝાર ગરમીમાં ઘરમાં પુરાઈને પંખાની હવામાં તેમજ એ.સી.માં મીઠી નીંદર માણી રહેલા લોકો જાગી ગયા હતા અને એકાદ કલાક જેટલો સમય ઘરની બહાર બેસીને વીજ પુરવઠાની રાહ જોઈ બેસી રહ્યા હતા. જેથી લોકો વીજ તંત્ર ઉપર ભારે રોષે ભરાયા હતા. દિવસની દોડધામથી અને ગરમીથી લોથપોથ થયેલા લોકો રાત્રીએ જમી પરવારી મીઠી નીંદર માણી રહ્યા હતા. દરમ્યાન જ વીજ પુરવઠો બંધ થતા જનતામાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. પ્રાંતિજ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તાર ઘણા જ સમયથી ચોરીઓના અને લૂંટફાટના બનાવો બની રહ્યા છે અને હત્યાના ગુના પણ થઈ રહ્યા હોવાથી શનિવારે રાત્રે વીજપુરવઠો બંધ થતા લોકો સોસાયટીઓમાં મકાન બંધ કરીને એકઠા થયા હતા. વીજ પુરવઠો બંધ હોય ત્યારે કોઈ ચોરી કે અનીચ્છનીય બનાવ ના બને તે માટે પુરતો ખ્યાલ રાખી રહ્યા હતા. રાત્રી દરમ્યાન બંધ થતા વીજ પુરવઠાની ઓથ હેઠળ અનેક ગોરખ ધંધા થતા હોવાની લોકોમાં ભય પ્રશરી રહ્યો છે.

પ્રાંતિજના ઘડી અને ઘડકણમાં તસ્કરો ત્રાટક્યા

તસ્કરોએ બે સ્થળેથી કુલ ૧.૪૭ લાખની મત્તાની ચોરી કરી

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજ તાલુકાના ઘડી અને ઘડકણ ગામમાં રવિવારની મોડી રાત્રીએ તસ્કરો ત્રાટક્યા હતા. જ્યાં એક જ રાત્રીમાં બે સ્થળેથી ૧ લાખ ૪૭ હજારની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જે અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજના ઘડકણ ગામે રહેતા મહેશભાઈ બેચરભાઈ પટેલ કે જેવોના ઘરે અજાણ્યા તસ્કરોએ રાત્રીના સમયે પાછળની બારી તોડી અંદર પ્રવેશ કરી ઘરમાં આવેલ તીજોરીના તાળા તોડી તિજોરીમાં મુકેલ સોનાની વિંટી નંગ-૩, કાનસેર નંગ-૧ જોડવાળી નંગ-૧ જોડ કુલ ત્રણ તોલા સોનાના દાગીના જેની કિંમત ૭૫ હજાર અને ચાંદીનો ગુડો સાત તોલા કિંમત ૨૫૦૦ અને તીજોરીમાં રહેલ રોકડ રકમ ૩૭ હજાર મળી કુલ ૧ લાખ ૧૪ હજાર ૫૦૦ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મકાન માલિક મહેશભાઈ બેચરભાઈ પટેલ દ્વારા પોલીસ ફરીયાદ કરતાં અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જ્યારે ઘડી ગામે રાત્રીના સમયે કોઈ અજાણ્યા તસ્કરોએ જૈન દેરાસરનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી પંચધાતુ અષ્ટપદની પાટલી જેની કિંમત રૂપિયા ૩૦ હજાર તથા દાનમાં આવેલ રકમ ૨૫૦૦ કે જે કબાટમાં મુકેલા હતા તે મળી કુલ ૩૨૫૦૦ની જૈન દેરાસરમાંથી અજાણ્યા તસ્કરો ચોરી કરી લઈ જતા સંજયકુમાર પ્રવીણભાઈ દેસાઈ રહે. ઘડી દરજીવાસ જેવોએ પણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. પ્રાંતિજ પોલીસે બન્ને સ્થળે જઈ અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

પાલનપુરમાં બાળ અધિકાર માટે વર્કશોપ યોજાયો

બાળકોના હિતોનું રક્ષણ કરવું આપણા સૌની સહિયારી જવાબદારી છે : ચેરપર્સન જાગૃતિબહેન પંડ્યા

પાલનપુર, તા. ૯

પાલનપુરના પોલીસ હેડક્વાર્ટર ખાતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન જાગૃતિબહેન હરેનભાઈ પંડ્યાના અધ્યક્ષસ્થાને બાળ અધિકાર જવાબદારી આપણા સૌની વિષયક એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. આ પ્રસંગે પ્રાંસગીક પ્રવચન કરતાં આયોગના ચેરપર્સન જાગૃતિબહેન પંડ્યાએ જણાવ્યું હતું કે બાળકોના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯, જુવેનાઈલ જસ્ટીસ એક્ટ જેવા વિવિધ કાયદાઓ બનાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે બાળકોના હિતોનું રક્ષણ કરવું આપણા સૌની અને સમાજની સહિયારી જવાબદારી છે. તેમણે ઉમેર્યું કે બાળકોને લગતાં કાયદાઓ અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં આવા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

ચેરપર્સને કહ્યું કે પોલીસ, આંગણવાડીમાં કામ કરતી બહેનો અને શાળાના એસ.એમ.સી.ના સભ્યોની વિશેષ જવાબદારી છે કે શાળામાં બાળકો નિયમિત આવે અને સારૂ શિક્ષણ મેળવે. તેમણે કહ્યું કે ગરીબ બાળકો પણ ખાનગી શાળામાં પ્રવેશ મેળવીને સારૂ ભણી શકે તે માટે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટમાં ૨૫ ટકા ગરીબ બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે જેની વાલીઓને સમજ આપી તેમને પ્રવેશ અપાવવામાં મદદરૂપ બનીએ. તેમણે સમાજ સુરક્ષા વિભાગના અધિકારીઓને કહ્યું કે કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોનું પુનઃ સ્થાપન થાય તે દિશામાં કામ કરીએ. તેમણે જણાવ્યું કે ગ્રાઉન્ડ લેવલે કામ કરતાં તમામ અધિકારીઓ-કર્મચારીઓ બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય બનાવવામાં ખુબ મદદરૂપ બની શકે તેમ છે. તેમણે કહ્યું કે સ્થળાંતરના લીધે બનાસકાંઠા જિલ્લાના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તેની પણ કાળજી રાખીએ.

વર્કશોપમાં તજજ્ઞ વક્તાઓ દ્વારા બાળકોને લગતાં કાયદાઓ વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચેરપર્સનના હસ્તે આંગણવાડીની બહેનોને પૌષ્ટિક આહારની કીટનું વિતરણ અને વર્કશોપમાં ભાગ લેનારને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અગ્રણી અમૃતભાઈ દવે, નગરપાલિકા પ્રમુખ નીલમબેન જોષી, જે.બી. દેસાઈ, પોલીસ અધિક્ષક ચાવડા, સમાજ સુરક્ષા અધિકારી જશાભાઈ ચૌધરી, બાળ સુરક્ષા અધિકારી ડૉ. નરેશભાઈ મેણાત સહિત જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠા જિલ્લાના ૨૭૨૧ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે

હિંમતનગર, તા. ૯

સમગ્ર ગુજરાત રાજ્યમાં એક સાથે યોજાનાર ગુજકેટની પરીક્ષા અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં પણ આજે તા. ૧૦ મે ૨૦૧૬ના રોજ હિંમતનગરના ૧૧ પરીક્ષા સ્થળો પરથી ૨૭૨૧ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે. હિંમતનગરની જુદી જુદી શાળાઓના સવારે ૧૦.૩૦ કલાકે પ્રારંભ થનાર ગુજકેટ પરીક્ષા શહેરની શાળાઓના ૧૩૭ બ્લોકમાં પરીક્ષા લેવામાં આવશે. જેમાં ૧૧ કેન્દ્ર સંવાહકો તથા નિરીક્ષકોની નિમણૂંક કરવામાં આવી જ્યારે વિદ્યાર્થીઓને કોઈ મુંઝવણ જણાય તો કન્ટ્રોલ રૂમ ઉભો કરવામાં આવ્યો હોવાનું જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું.

સોનાસણ ગામે બાઈકની ટક્કરે આધેડનું મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે રવિવારની મોડી સાંજે સોનાસણ ગામ પાસે સોનાસણના વતની મેલાજી ચૌહાણ ઉ.વ. ૬૦ કે જેવો પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા તે સમયે બાઈક નં. જીજે૯.એએમ.૭-૭૬૪૩નો ચાલક જેનું નામથામ જણાવેલ નથી કે જે પોતે પોતાના કબજાનું પોતાની મોટરસાઈકલ હિરોહોન્ડા ફુલફાસ્ટ ઝડપે હંકારીને લાવીને મેલાજી ચૌહાણને પાછળથી ટક્કર મારીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડીને તેવોનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. અને સ્થળ ઉપરથી ભાગી જતા મૃતકના પુત્ર કનુજી મેલાજી ચૌહાણને બાઈક ચાલક વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશમાં ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજમાં બીએસએનએલની સેવા કથળતા ગ્રાહકોને હાલાકી

વારંવાર લેન્ડલાઈન કનેક્શન બંધ પડતા નેટ ખોરવાઈ જવું, મોબાઈલની કવરેજની તકલીફો હોવાની બુમરાણ

સલાલ, તા. ૯

પ્રાંતિજ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ભારત સંચાર નિગમની સેવા કથળતા ગ્રાહકોને હાલાકી પડતી હોવાની રાવ ઉઠવા પામી છે. બીએસએનએલના લેન્ડલાઈન ગ્રાહકોની અનેક ફરિયાદો સાથે સાથે નેટ ખોરવાઈ જવું તેમજ મોબાઈલની કવરેજની સમસ્યાના કારણે લોકો હવે બીએસ એન એલની સેવાઓ લેવાનું ટાળી અન્ય ખાનગી કંપનીઓના નેટના કનેક્શનો મેળવી હાશકારો અનુભવે છે. આમ ભારત સરકારની ભારત સંચાર નિગમની કચેરીઓ, કર્મચારીઓ શોભાના ગાંઠીયા સમાન ભાસી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વધુમાં બીએસએનએલના મોબાઈલ સીમકાર્ડ મળ્યા બાદ પણ સમયસર એક્ટીવ ન થતા ગ્રાહકો ટેલીફોનની મોબાઈલ સેવા પર ભારે રોષે ભરાયા છે. એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ભારત સંચાર નિગમ દ્વારા મોબાઈલ સીમ કાર્ડ તેમજ બેલેન્સ કરવા માટે ખાનગી કંપનીઓને ફ્રેન્ચાઈઝ આપેલી હોવાથી ફ્રેન્ચાઈજનું કામ ઝડપી થાય છે. જ્યારે બીએસએન એલની કચેરીમાંથી મેળવાતા સીમકાર્ડનું કામ ધીમી ગતિ થતાં લોકો ખાનગી કંપનીઓમાંથી બીએસએનએલની સેવા જેવી છે. સીમકાર્ડ ખરીદવા, બેલેન્સ કરાવવું જનતાની ઉગ્ર માંગ ઉઠવા પામી છે કે બીએસએન એલની સેવા સમયસર સારી મળે તે માટે તંત્ર ઉપર યોગ્ય પગલા ભરવા જોઈએ.

અગનગોળા વરસ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પંખા જરાય રાહત આપતા ન હતા. પંખા ચાલુ હોવા છતાં પરસેવે રેબઝેબ થઈ જવાતું હતુ. આખો દિવસ એસીની ઠંડકમાં જ બેસી રહીએ તેવું લાગતું હતું. ઉપર આભ અને નીચે ધરતીની સ્થિતિમાં રહેતા ગરીબ પરીવારોએ ઝાડનો આશરો શોધી દિવસ પસાર કર્યો હતો. લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડિગ્રી રહેતા રાત્રિના સમયે પણ ઘરમાં રહેવાય નહી તેવી સ્થિતિ નિર્માણ થઈ હતી. હવે ગરમી ન વધે તેવી સૌ કોઈ પ્રાર્થના કરી રહ્યા છે. છેલ્લા બે દિવસથી પડી રહેલી આકરી ગરમીમાં રાહત મળવાના કોઈ એંધાણ નથી. હજુ ગરમી ૪૩ ડિગ્રી સુધી પહોંચશે તેવી ચેતવણી આપી હવામાન વિભાગે ઓરેન્જ કાર્ડ જાહેર કર્યું છે.

કાળઝાળ ગરમી વધુને વધુ આકરી બનતી જાય છે. છેલ્લા બે દિવસથી તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. આગામી બે-ત્રણ દિવસમાં હજુ વધુ ગરમી પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે ચેતવણી આપતા ઓરેન્જ કાર્ડ જાહેર કર્યું છે. આગામી ત્રણ દિવસમાં ગરમી ૪૩ ડિગ્રીથી વધી જવાની પુરેપુરી શક્યતાઓ છે. બપોરના સમયે લોકોને ઘરની બહાર ન નીકળવા સહિતની ચેતવણીઓ પણ જાહેર કરવામાં આવી છે.

ડીગ્રી જાહેર કરાઈ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કેજરીવાલે આટલા મોટા આક્ષેપો કેમ કર્યા છે. કેજરીવાલ દેશની પ્રજા સામે આવીને પુરાવા આપે અથવા તો માફી માંગે તેવો કેજરીવાલને પત્ર લખીને સમગ્ર માહિતી આપી રહ્યા છે. બીજી બાજુ કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ કહ્યું હતું કે, વડાપ્રધાનથી મોટી વ્યક્તિ સામાન્ય વ્યક્તિનો દાખલો હોઈ શકે નહીં. કોઈપણ આક્ષેપ કરતા પહેલા કેજરીવાલે પુરતા પુરાવા એકત્રિત કરવા જોઈએ. કેજરીવાલનું જાહેર જીવન ખુબ નિમ્ન સ્તરે જતું રહ્યું છે. કેજરીવાલે હાલમાં જ કહ્યું હતું કે, તેઓ સમગ્ર જવાબદારી સાથે કહી શકે છે કે દિલ્હી યુનિવર્સિટીના રેકોર્ડમાં નરેન્દ્ર મોદીનો કોઈ ઉલ્લેખ નથી. નરેન્દ્રકુમાર મહાવીર પ્રસાદ મોદીએ નામના નામની એક વ્યક્તિએ ૧૯૭૫માં પ્રવેશ મેળવ્યો હતો તે વખતે મોદીની ડિગ્રીને જાહેર કરવા કેજરીવાલે મુદ્દો ઉઠાવ્યો હતો. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે, મુદ્દો વડાપ્રધાન ૧૦મું પાસ છે કે ૧૨મું પાસ છે તે નથી. મુદ્દો એ છે કે, તેઓએ બોગસ પ્રમાણપત્રોની માહિતી આપી છે. લોકો સાથે છેતરપિંડી કરી છે. કેજરીવાલે કહ્યું હતું કે, વડાપ્રધાન બનવા માટે કોઈ ડિગ્રીની જરૂર નથી. અણ્ણા હઝારેના દાખલા પણ લઈ શકાય છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, મોદી પહેલા દેશ સામે ખોટુ બોલી ગયા છે.